# ‘વરસાદ’

**‘વરસાદ’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.**

## ‘દૃષ્ટિ- નજર’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે.‘દૃષ્ટિ- નજર’. તમારી મૌલિક કૃતિ અમને 11-07-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in - **સંપાદક**





### વરસાદ

આકાશમાં ઘેરાયેલાં કાળાં વાદળો,
અને અચાનક થયેલો વીજળીનો ચમકારો.
પહેલું ટીપું જ્યારે ધરતી પર પડે છે,
ત્યારે માટીની એ ભીની સુગંધ,
ઊંડા શ્વાસમાં ભરાઈ જાય છે.
કોઈ નિશ્ચિત લય નથી, કોઈ પ્રાસ નથી,
છતાં પતરાં પર વાગતું આ સંગીત,
મનને કેટલું શાંત કરી દે છે.
બારીની બહાર જોઉં છું,
રસ્તાઓ પર વહેતું ખળખળ પાણી,
અને એમાં તરતી એ નાની કાગળની હોડીઓ,
મને ફરી એક વાર મારું બાળપણ યાદ અપાવે છે.
વૃક્ષો નહાઈને કેવાં લીલાંછમ થઈ ગયાં છે!
જાણે કુદરતે કોઈ નવી સુંદર લીલી ચાદર ઓઢી હોય.
આ વરસાદ માત્ર આકાશમાંથી જ નથી પડતો,
એ તો સીધો હૃદયમાં ઊતરે છે,
અને અંદરની બધી જ ઉદાસી ધોઈ નાખે છે.
**- કે. ડી. સેદાણી (અમદાવાદ)**

### પહેલો વરસાદ

રાહ બહુ જોઈ, હવે આવ્યું છે ઝાપટું,
નખશિખ તરબોળ ભીંજાયો હું.
નથી કામ છત્રીનું નથી રેઈનકોટનું,
ચોમાસું આવ્યું મારે સાત ખોટનું.
નાહ્યો પરસેવે, લાગી કાળઝાળ લૂ.
હવે અમી જળથી નવડાવ તું.
નહીં હવે ઝરમર ઝરમર ઝાપટું,
હવે તો ધોધમાર વરસજે તું.
કોઈ કવિ કહે તને અઢી અક્ષરનું
મારે તો પૂરી બારાખડી તું.
**- મુરલીધર પચ્ચીગર**

### આવ રે વરસાદ

ધરે છે માનવી ઈશ્વરને રોજ પ્રસાદ,
આપે છે ઈશ્વર જે આશીર્વાદ એનું નામ
વરસાદ..
ક્યાંક ઝરમર તો ક્યાંક મુશળધાર,
આ મેઘાની છે પોતાની સરકાર..
મોરના ટહુકે નાચે આખું વન,
આ ચાતક માટે તો વર્ષા એ જ જીવન.
પ્રિયના વિરહમાં ભલે લગાવે એ આગ,
માટીની મીઠી સુગંધથી સહુ કરે સાદ,
આવ રે વરસાદ,આવ રે વરસાદ.
- હાર્દિક શાહ

### કેમ કરી ભૂલાવું

પહેલો વરસાદ અને પહેલી નજરનો પ્રેમ!! કેમ કરી ભૂલાવું..
કાદવમાં છબછબિયાં કરી કપડાં કીચડવાળા કરવાં અને માનું વઢવું..
કાગળની હોડી બનાવી વહેતાં પાણીમાં તરાવવું
અને એ જોઈ મનનું વિસ્મય પામી ગગનમાં વિહરવું....
ભારે વરસાદમાં મારી છત્રીનો કાગડો થવો અને તારું ખડખડાટ હસવું..
પહેલો વરસાદ અને પહેલી નજરનો પ્રેમ!! કેમ કરી ભૂલાવું..
- ગુણવંત જોશી (નવસારી)

### વરસાદનું આગમન

પ્રીત્યુની વાડ બાંધી ને જો વરસાદનું આગમન થયું,
બીજના કૂંપળ ફૂટ્યા ને જો વરસાદનું આગમન થયું
જાણે કુદરતનો ઈશારો, એંધાણ મળ્યાં તારા આવવાના,
ફળિયામાં મોર ગહેક્યો ને જો વરસાદનું આગમન થયું...
ભીની માટીની સુવાસ મહેકે ઘણી મારા તન-મનમાં,
આભમાં વીજળી ચમકી ને જો વરસાદનું આગમન થયું...
ખળખળ પાણીમાં તરતી મૂકવી છે મારે કાગળની હોડી,
એક પાન શું તોડ્યું ને જો વરસાદનું આગમન થયું.
વાદળોના ગડગડાટમાં ક્યાંક સંભળાય તારો સાદ,
વાયરાની લહેર આવી ને જો તારું આગમન થયું
**- ‘દર્શની’, સુરત**

### શાને મૂંઝાય છે...

આવ ને વરસાદ શાને મૂંઝાય છે,
આકાશે તપે સૂરજ શાને મૂંઝાય છે.
પંખીઓ તરસે મરે શાને મૂંઝાય છે,
રુસણાં તારા પડતા મેલ, શાને મૂંઝાય છે.
સમય તારો સાચવી લે, શાને મૂંઝાય છે,
કૃષકની લાજ તારે હાથે, શાને મૂંઝાય છે.
નદી, પર્વતો સુકાય, શાને મૂંઝાય છે,
જંગલો બન્યાં ઉદાસ, શાને મૂંઝાય છે.
ચારેકોર વરસ ધમધોકાર, શાને મૂંઝાય છે,
ભલે વરસ તું શ્રાવણની ધાર, શાને મૂંઝાય છે.
વરસે તો વહાલો લાગે, શાને મૂંઝાય છે,
ભૂમિનો છે તું આધાર, શાને મૂંઝાય છે.
વરસ વરસ વરસ વરસાદ, શાને મૂંઝાય છે,
વર્ષાઋતુનાં છે વધામણાં, શાને મૂંઝાય છે.
- ગોપાળ આર. પરમાર (સુરત)

### અછાંદસ રચના

વરસાદ ટપકયો મઝધારે,
સખી યાદ આવ્યાં...
ગગડિયો એટલો અનરાધાર,
સખી યાદ આવ્યાં...
વીજળી કડાકાયે ગગને,
અજવાળાં રેલાયાં,
ઓરડે અંધકાર ને હૈયે ફાટ,
સખી યાદ આવ્યાં...
સાજણ ગયા’તા પિયરીયે ને,
એકલું મનડું મુંઝાય,
કોને જગાડું ને હૈયે લાગી રે ખોટ,
સખી યાદ આવ્યાં...
બ્હાર નજરું એ કરતાં ને,
આગિયા ટમટમ થાય,
લોચનિયા દ્વારે નિંદરે ઝોલાઈ,
સખી યાદ આવ્યાં...
અંધારિયા રાતડી ને,
ઉરમાં યે લાગી રે ખોટ,
વ્હેલા આવો રે હવે જોવાની હામ,
સખી યાદ આવ્યાં....
**- નરેન્દ્ર સિધુરીયા (મુ.પો.કુકેરી)**



### ત‍ા થૈ જંગલ

પલળી માટી,
જળ જળ થયું
માટીનું ઢેફું...
પ્રસરી સુગંધ માટીની
જંગલમાં ચારેકોર
વૃક્ષો બધાં સાગમટે
સ્નાન કરીને ઊભાં થયાં
નવ પલ્લવિત થઈને.
સર્જયાં વૃક્ષે
વાઘાં લીલાં.
જંગલમાં
આજ થયો છે
ધોધમાર વરસાદ.
નાચી રહ્યું છે
તા થૈ જંગલ!
- દીપક જગતાપ

### લઘુકાવ્ય

* વરસાદે લખ્યું
લીલા અક્ષરે ‘ચોમાસુ’
* વરસાદના સ્પર્શે
મારી ત્વચા ઉપર ઊગી ગયું
લીલુંછમ ઘાસ.
* શેરીમાં બાળકે મૂકેલી
કાગળની હોડી
પાણીમાં ડૂબી જોઈ વૃક્ષ અને બાળક રડે.
- કિશોર આર. ટંડેલ (નવસારી)

### વરસાદ

પલળે છે કોઈ તો કોઈ વળી ભીંજાય છે.
પહેલા વરસાદમાં તો બનતી કેટલીય યાદો છે.
વહી જાય છે કોઈકનાં આંસુ વરસાદ સાથે,
છુપાવ્યાં હતાં જે પાંપણોની નીચે.
થઈ જાય છે કોઈક લાગણીવશ ભીનું,
તો કોઈક ધોધમાર વરસાદે પણ કોરું!!!
સ્નેહલ રાજન જાની. (સુરત)